# શ્રી જયેન્દ્રપુરી આર્ટ્સ એન્ડ સાયન્સ કોલેજ, ભરૂચ.

## શૈક્ષણિક વર્ષ ૨૦૧૩ - ૨૦૧૪

## ઇન્ટરનેટ પર બી.એસસી. સેમીસ્ટર-૧ (**B.Sc.Sem-I**)ના અભ્યાસક્રમનું ઓનલાઇન **Admission** ફોર્મ ભરતી વખતે ધ્યાનમાં લેવાની સૂચનાઓ

શૈક્ષણિક વર્ષ ૨૦૧૩-૧૪ થી **B.Sc. Sem-1** માં પ્રવેશ મેળવવા માટે પ્રવેશ ફોર્મ (એડમીશન) કોલેજની **website** (www.jpcollege.net) ઉપર **'on-line'** ભરવાનું રહેશે. તે અંગેની વધુ માહિતી કોલેજની **website** તથા કોલેજ કાર્યાલયમાંથી માહિતી પુસ્તિકા (પ્રોસ્પેકટસ) મેળવીને પણ પ્રાપ્ત થઇ શકશે.

૧. દરેક વિદ્યાર્થીએ પ્રોસ્પેકટસ મેળવી અથવા કોલેજ વેબસાઇટ પરથી માહિતી મેળવી ઇન્ટરનેટ ધરાવતા નજીકના કોઇ પણ સ્થળે/સાઇબર કાફેમાં જઇને www.jpcollege.net વેબસાઇટ પર Admission ફોર્મ ભરવાનું રહેશે.

૨. દરેક વિદ્યાર્થીએ ઇન્ટરનેટ પર www.jpcollege.net ના હોમ પેજ પરથી 'Admission' મેનુ અથવા 'On-line Admission' પર કિલક કરવાથી Admission ફોર્મ ખુલશે.

૩. **અગત્યની તારીખો : -**

★ On-line Admission ફોર્મ ભરવા માટે : **તા.૨૧-૦૫-૨૦૧૩ થી તા.૦૩-૦૬-૨૦૧૩**

★ ગુણવત્તા આધારિત પ્રવેશયાદી પ્રસિધ્ધ થશે: **તા.૦૬-૦૬-૨૦૧૩**

૪. ઇન્ટરનેટ Admission ફોર્મમાં જરૂરી માહિતી ભર્યા બાદ, SUBMIT બટન પર કિલક કરવું. જો કોઇ પણ માહિતી અધુરી હશે તો ફોર્મ SUBMIT થઇ શકશે નહિ અને ફોર્મના મથાળે લાલ અક્ષરથી ભૂલ બતાવશે. જે સુધારી ફરી SUBMIT બટન પર કિલક કરવાથી ફોર્મ SUBMIT થઇ શકશે.

૫. Admission ફોર્મ SUBMIT કર્યા બાદ Admission ફોર્મની એક પ્રિન્ટઆઉટ અને Acknowledgementની બે પ્રિન્ટઆઉટ મેળવવી.

૬. ★ Admission ફોર્મ અને Acknowledgement ની પ્રિન્ટઆઉટ જરૂરી પ્રમાણપત્રોની પ્રમાણિત નકલો સહિત ઇન્ટરનેટ પર એડમિશન **ફોર્મ ભર્યાના ત્રણ દિવસમાં કોલેજ કાર્યાલયમાં જમા કરાવવાના રહેશે**.

★ જે વિદ્યાર્થી ઇન્ટરનેટ ભરેલ એડમીશન ફોર્મ અને Acknowledgement ની પ્રિન્ટઆઉટ જરૂરી પ્રમાણપત્રોની પ્રમાણિત નકલો સહિત ફોર્મ ભર્યાના **ત્રણ દિવસમાં રજુ કરશે નહી તે વિદ્યાર્થીનું ઇન્ટરનેટ પર ભરેલ એડમીશન ફોર્મ રદબાતલ ગણાશે**, જેની દરેક વિદ્યાર્થીએ ખાસ નોંધ લેવી.

૭. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના સ્ટેટયુટ ૨૨૩ અન્વયે જે વિદ્યાર્થીઓએ ગુજરાત સેકંડરી એજયુકેશન બોર્ડ ધ્વારા લેવાયેલ હાયર સેકંડરી પરીક્ષા અથવા તેની સમકક્ષ પરીક્ષા અંગ્રેજી સહિત વિજ્ઞાનનાં વિષયો રસાયણશાસ્ત્ર, ભૌતિકશાસ્ત્ર, ગણિતશાસ્ત્ર અને જીવવિજ્ઞાનશાસ્ત્ર સાથે અથવા ટેકનીકલ પ્રવાહ અથવા એગ્રીકલચર વોકેશનલ પ્રવાહ સાથે પાસ કરી હશે તેમને આ કોલેજમાં બી.એસસી. સેમીસ્ટર-૧ નાં વર્ગમાં ગુણવત્તાના ધોરણે પ્રવેશ આપવામાં આવશે.

૮. ભરૂચ શહેર, ભરૂચ તાલુકા તથા ભરૂચ જીલ્લાની શાળાઓમાંથી જે વિદ્યાર્થીઓ પ્રથમ પ્રયત્ને પાસ થયા હોય તેમને પ્રવેશ માટે પ્રાથમિકતા અપાશે. પ્રવેશ મેળવતી વખતે ધોરણ ૧૨ પાસ કર્યાની અસલ માર્કશીટ અને શાળા છોડયાનું અસલ પ્રમાણપત્ર તેમજ આ બન્નેની પ્રમાણીત નકલો આપવાની રહેશે.

૯. માહિતી પુસ્તિકા (પ્રોસ્પેકટસ) કોલેજ કાર્યાલયના કાઉન્ટર બારી નંબર - ૧ પરથી સવારના ૧૧-૦૦ કલાકથી બપોરના ૦૩-૦૦ કલાક સુધી મેળવી શકાશે.

૧૦. પ્રવેશ મળ્યા બાદ જે તે વિદ્યાર્થીઓએ કોલેજ કાર્યાલયમાં નિયત કરેલી ફી ભરવાની રહેશે. ફી સ્વિકારવાનો સમય સવારના ૧૧.૩૦ કલાકથી બપોરના ૨.૦૦ કલાક સુધીનો રહેશે.

૧૧. પ્રવેશ સંબંધી અધિકૃત માહિતી ફકત કોલેજ નોટીસ બોર્ડ અને કોલેજની વેબસાઇટ **www.jpcollege.net** પરથી મળી રહેશે.

૧૨. પ્રવેશ સંબંધી અથવા અન્ય કોઇ બાબત અંગેની જાણકારી માટે વિદ્યાર્થીઓ અને તેમના વાલીઓ આચાર્યશ્રીનો સંપર્ક સાધી શકશે.

**(ડૉ. એન.એમ. પટેલ)**
**પ્રિન્સિપાલ**